# PRODUCT DETAILS

- ROUTER: - CISCO IP SEC ROUTER WITH IP SEC LICENCE.
- INTERNET :- 5 MBPS (MINIMUM) (1:1) INTERNET LEADSED LINE (1 YEAR )

# શરતો અને બોલીઓ:-

1. કોઇપણ સંજોગો માં આ કામગીરી વર્ક ઓડર મળ્યાની તારીખથી આપના દ્વારા વધુમાં વધુ દિન-૧૪ સુધીમાં પુર્ણ કરવાનો રહેશે.
2. કામગીરી સંતોષકારક થયે ઇંન્સ્ટોલેશન બિલનું ચુકવણું કરવામાં આવશે. તથા ઇન્ટરનેટ બીલનું ચૂકવણું ત્રિમાસિક ચૂકવવામાં આવશે.
3. બિલ ત્રણ નકલમાં " ડીન, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદ "ના નામનું રજુ કરવાનુ રહેશે. જેમાં અત્રેની સંસ્થાનો જી.એસ.ટી નં. 24AHMG04497D1DI અચુક દર્શાવવો. બિલનું ચુકવણું સોસાયટીના નિયમો અનુસાર કરવામાં આવશે.
4. કરાર ની અવધિ પુર્ણ થયા બાદ તેને આગળ લંબાવવાનો નિર્ણયનો અબાધિત અધિકાર સંસ્થાના વડાશ્રી નો રહેશે.
5. સંતોષકારક કામગીરી કરવામાં નહિ આવે તો કરાર રદ કરવાનો અંબાધિત અધિકાર સંસ્થાના વડાશ્રી નો રહેશે.
6. આ ટેન્ડર અન્વયે ઇ.એમ.ડી રૂપિયા ૧૦,૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ " DEAN, GMERS MEDICAL COLLEGE SOLA AHMEDABAD'' ના નામનો નેશનલાઇઝ બેંક/આઇસીઆઇસીઆઇ/એચડીએફસી/આઇડીબીઆઇ બેંક નો રજુ કરવાનો રહેશે અન્યતા ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.જે ઇ.એમ.ડી ઉકત દર્શાવેલ રાઉટર તથા ઇન્ટરનેટ કનેક્શન અત્રેની સંસ્થા ખાતે એમસીઆઇ-ન્યુ દિલ્હી ની ગાઇડ લાઇન મુજબ ઇન્સ્ટોલ કર્યા બાદ રાઉટર તથા ઇન્ટરનેટ કનેક્શન ના માધ્યમથી સીસીટીવી કેમેરા કાર્યરત થયે પરત કરવામાં આવશે જેની નોંધ લેવી.
7. જે ઇ.એમ.ડી. સાથેનું ટેન્ડર "ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, ગુજરાત હાઇકોર્ટ પાસે, એસ, જી, હાઇવે, અમદાવાદ – ૩૮૦૦૬૦" ના સરનામે મોકલાવાનું રહેશે..

8. ટેન્ડર ની તમામ બાબતો માટે સંસ્થાની સ્થાનિક ખરિદ સમીતીનો કે વડાનો નિર્ણય આખરી રહેશે. કોઇ પણ ટેન્ડર મંજુર કે ના મંજુર કરવાની સંપુર્ણ સત્તા આ સંસ્થાની રહેશે.
9. ટેન્ડરની કોઇ પણ શરતમાં સુધારા-વધારા કરવા, રદ કરવી, ઉમેરવી કે કોઇ પણ શરત નો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા સંસ્થાની સ્થાનિક ખરીદ સમીતીની રહેશે.
10. કોઇપણ કારણોસર ઇન્ટરનેટ ની સેવા એક દિવસ કરતા વધુ દિવસો માટે બંધ રહેશે તો બિલ માંથી દિવસ પ્રમાણે કપાત કરવામાં આવશે.
11. મેન્ટેનન્સનો કોઈપણ ચાર્જ અલગથી ચુકવવામાં આવશે નહી.
12. તારીખ ૨૮/૦૯/૨૦૨૦ ના રોજ ૧૬.૦૦ કલાક બાદ મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી અને રદબદલ કરવામાં આવશે. પાછળ થી કોઇ રજુઆત ગાહ્ય રાખવામાં આવશે નહી.
13. સેવા પુરી પાડનાર એજન્સી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરાર ની શરતનો કે કોઇપણ એક શરતનો ભંગ કરશે  તો કોન્ટ્રાકટ ધરાવતી એજન્સીએ લેખીત સ્પષ્ટતા કરવાની રહેશે અને સ્પષ્ટતા સંતોષ કારક જણાવશે નહી તો તાત્કાલીક અસરથી કડક કાર્યવાહી કરવામાં આવશે અને આ સંજોગોમાં એજન્સીનો કરાર રદ કરી સિકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
14. એક વાર ટેન્ડર મંજુર થાય અને ટેન્ડર ભરનાર એજન્સી કોઇપણ કારણસર અસ્વિકાર કરેતો તેની ઇ.એમ.ડી જપ્ત કરવામાં આવશે.
15. ઇન્ટરનેટની સુવિધા માટેની જરૂરી સાધન સામગ્રી આપના ખર્ચે અત્રેની સંસ્થા ખાતે લાવવાના રહેશે. જેનો અલગથી કોઈપણ ચાર્જ ચુકવવામાં આવશે નહિ.
16. કોંટ્રાકટક સમય દરમિયાન ROUTER ની વોરંટી ની જવાબદારી ઇંન્સ્ટોલ કરનાર ની કપંની રહેશે. તથા કોંટ્રાકટક પુર્ણ થયા બાદ ROUTER ની માલિકી જીએમઇઆરએસ મેડીકલ કોલેજ સોલા ની રહેશે.
17. ઈન્ટરનેટ કનેકશન ની કામગીરી તથા રાઉટર નુ ઇંસ્ટોર્લેશન એમ.સી.આઇ ની જરૂરીયાત/શરતો મુજબ થાય તે નિભાવવાની જવાબદારી ટેન્ડર ભરનાર વ્યકિતની રહેશે એમ.સી.આઇ ના તારીખ ૧૦.૧૨.૨૦૧૮  પત્ર ક્રમાંક  MCI-COMPUTER/401/2018
    ના મુદ્દા નબંર (૧૨) **‘ To provided internet connectivity to switches with dedicated bandwidth of 5 MBPS or more preferably through Multi-Protocol Label Switching (MPLS) line as desired by SI.’**